# શું તમે તમારી વ્યક્તિગત સુરક્ષા વિશે ચિંતત છો?

**દરેક લોકો મતદાર યાદી પર સાર્વજનિક રૂપે તેમની વિગતો રાખવાનું પર્યાપ્ત સુરક્ષિત અનુભવતા નથી, પરંતુ એનો અર્થ એ નથી કે તેઓ મત આપવાનો તેમનો અધિકાર ગુમાવે છે.**

તમે તમારી અથવા તમારા પરિવારની સલામતી વિશે ચિંતિત છો, તો તમે ગુપ્ત અપ્રકાશિત રોલ પર જવા માટે અરજી કરી શકો છો. તમારી નોંધણી વિગતો સુરક્ષિત રાખવામાં આવશે અને કોઈને આપવામાં આવશે નહીં.

# તમારી વ્યક્તિગત સુરક્ષા વિશે ચિંતા છે?

ELECTORAL COMMISSION
TE KAITIAKI TAKE KŌWHIRI



**vote.nz**
**0800 36 76 56**

ROE47B 23/04/20_Gujarati

## મારી વ્યક્તિગત વિગતોમાં ફેરફાર થાય તો શું કરવું?

એકવાર તમે અપ્રકાશિત રોલ પર છો, તમારા નામ અથવા સરનામા જેવી વિગતો તમારી નોંધણી વિગતોમાં કોઇ ફેરફાર થાય તો તમારે અમને જણાવવાની જરૂર રહેશે. તમે નવું નોંધણી ફોર્મ ભરીને અને તે અમને પરત કરીને કરી શકો છો. જો તમારી વ્યક્તિગત પરિસ્થિતિઓ બદલાઈ જાય તો જાહેરમાં ઉપલબ્ધ યાદી પર પાછા જવા માટે કહી શકો છો.

જો તમારે કોઈ ફેરફાર કરવાની જરૂર હોય તો તમારા સ્થાનિક રજિસ્ટ્રાર ઓફ ઈલેક્ટર્સનો સંપર્ક કરો અથવા **unpublished.roll@elections.govt.nz** પર અમને ઈમેઈલ કરો.

## જ્યારે હું બિનપ્રકાશિત કરેલ યાદી પર હોવ ત્યારે હું કેવી રીતે મત આપી શકું?

તમે સામાન્ય ચૂંટણી અથવા પેટા-ચૂંટણીમાં કોઈપણ મત આપવાનાં સ્થાને મત આપી શકો છો. તમારે એક ખાસ મત કાસ્ટ કરવાની જરૂર છે કારણ કે મતદાન મથક પર મત આપવા માટે તમારી વિગતો પ્રિન્ટ કરેલ મતદાર યાદીમાં હશે નહીં.

તમે મત આપવા માટે જ્યાં નોંધાયેલા છો તે મતદારની પુષ્ટિ કરવા માટે તમારે તમારા મત આપવાનાં પેપર સાથે એક અતિરિક્ત ફૉર્મ ભરવાની જરૂર પડશે. જો તમે ઈચ્છતા ન હોય તો તમારે ફોર્મ પર સરનામું કે પહેલાનાં નામની માહિતીને પૂર્ણ કરવાની જરૂર નથી. જો કે, આ માહિતી પ્રદાન કરવાથી અમને તમારી મત આપવા માટેની યોગ્યતાની પુષ્ટિ કરવામાં સહાય મળે છે. જ્યારે તમે કોઈ મતદાન સ્થળે પહોંચશો, ત્યારે કોઈ તમને ત્યાં જણાવશે કે તમારે શું કરવું.

સ્થાનિક ચૂંટણીમાં ભાગ લેવા માટે, તમારા સ્થાનિક કાઉન્સિલ ખાતે તમને મતનાં પેપર્સ મોકલવા માટે તમારે મતદાર અધિકારીને કહેવાની જરૂર રહેશે.

## અપ્રકાશિત યાદી પર કેવી રીતે જવું

અપ્રકાશિત રોલ પર જવાની અરજી કરવા માટે, આ બ્રોશર સાથે જોડાયેલ ફોર્મ ભરો અને અમને પરત કરો:

જો તમે પહેલાંથી જ નોંધાયેલ નથી, અથવા તમારે તમારી વિગતોને અપડેટ કરવાની જરૂર છે, તો તમારે નોંધણી ફોર્મ પણ પૂર્ણ કરવાની જરૂર છે. નોંધણી ફોર્મ મેળવવા માટે, આ બે વિકલ્પોમાંથી એક પસંદ કરો:

- **0800 36 76 56** પર કોલ કરો અને અમે તમને નોંધણી ફોર્મ પોસ્ટ કરીશું
- પૂર્ણ કરવા માટે **vote.nz** પરથી નોંધણી ફોર્મ ડાઉનલોડ કરો અને અમને પરત કરો.

## મારે કઈ સમર્થન માહિતી પ્રદાન કરવાની જરૂર છે?

તમારે તે દર્શાવવા માટે સમર્થિત માહિતી પ્રદાન કરવાની જરૂર છે કે તમારે બિનપ્રકશિત યાદીમાં નોંધવાની જરૂર કેમ છે. શામેલ કરવા માટેની માહિતીનાં પ્રકારનાં ઉદાહરણો: (તમારે અરજી કરવા માટે આ પ્રકારની તમામ માહિતીની જરૂર નથી.)

- **તમારા કામ અથવા વ્યક્તિગત સંજોગો શા માટે તમને જોખમમાં મૂકે છે તે અંગેનો એક પત્ર. આ પત્ર તમારા નોકરીદાતા, વકીલ, સમાજસેવક, એડવોકેટ અથવા સમુદાયના કોઈક તરફથી હોઈ શકે છે.**
- **ડોમેસ્ટિક વાયોલન્સ એક્ટ 1995 હેઠળ લાગુ સંરક્ષણ હુકમની એક નકલ.**
- **હેરેસમેન્ટ એક્ટ 1997 અંતર્ગત અમલમાં મુકાયેલા પ્રતિબંધિત હુકમની નકલ.**
- **કોઈ પોલીસ અધિકારી અથવા સુધારણા અધિકારીની માહિતી શા માટે તમારું નામ અને સરનામું પ્રકાશિત કરવું તમને અથવા તમારા પરિવારની સલામતીને પૂર્વગ્રહ આપી શકે છે.**

ELECTORAL COMMISSION
TE KAITIAKI TAKE KŌWHIRI

## Complete this form to apply to go on the unpublished roll.

**Full name:**

**Date of birth:**

**Contact phone number:**

**Email:**

**Address where you are enrolled to vote or have applied to enrol:**

**List the information provided to support your application:**

✓ **Please tick one of the following:**

- ☐ **I am already enrolled to vote**
- ☐ **I am not enrolled and I have enclosed a completed enrolment form**

**Signature**

**Date**

Complete and return to Electoral Commission,
**PO Box 190, Wellington 6140**

Remember to return any information that supports your application to register on the unpublished roll.

For more information visit **vote.nz**